Date: - 22.03.2025
Gujarat Metro Rail Corporation (GMRC) Ltd.

Press Note

---

In view of upcoming IPL-2025 day/night cricket matches scheduled on 25/03/2025, 29/03/2025, 09/04/2025, 02/05/2025 & 14/05/2025 at Narendra Modi Cricket Stadium, GMRC has decided to extend the timings of metro train services in Ahmedabad from 6:20 Hrs to 00:30 Hrs midnight on the said dates.

Existing timings of metro services in Ahmedabad is from 06:20 Hrs to 22:00 Hrs, during the extended hours from 22.00 hrs to 00.30 hrs, passengers can travel only from Motera Stadium Metro Station and Sabarmati Metro station to any operational stations on both corridors of Ahmedabad (Motera Stadium to APMC and Vastral Gam to Thaltej Gam).

In addition, to facilitate and provide hassle-free travelling to passengers, GMRC has introduced a special paper ticket to be used for return journey purpose on the day of IPL matches. Salient Features pertaining to Special Paper Tickets are listed below:

1. Fare of Special Paper Ticket will be Flat ₹ 50 per person which can be used to travel from Motera Stadium and Sabarmati Metro station to any operational stations of Ahmedabad Metro on both corridors during extended hours of metro operations.
2. Entry with Contactless Smart Tokens, Contactless Smart Card (GMRC Travel Card and NCMC card), QR digital tickets and QR paper tickets will also be available as usual on regular fare up to 22:00 hrs only. Any ticket (QR / TOKEN) purchased for return journey in advance from Kiosk, Token Vending Machine, Ticket Counters, Mobile App will not be valid after 22:00 hrs.
3. After 22:00 hrs, only special paper ticket will be allowed for entry from Motera stadium & Sabarmati metro stations.
4. Special Paper Ticket can be purchased at Nirant Cross Road, Apparel Park, Kalupur, Old High Court, Thaltej, Motera, Sabarmati, Ranip, Vadaj and Jivraj Metro Stations on that day in advance to avoid queuing at Motera while returning.
5. It may be kindly noted that Metro train services between Motera Stadium to Gandhinagar will be as per the routine time table only.
6. Metro train services will be available in Ahmedabad on every 8 minutes during that day. For extended hours from 22:00 hrs to 00:30 hrs, metro train services will be available on every 6 minutes from Motera Stadium and Sabarmati Metro Stations.
7. Last train departure timing will be 00:30 hrs midnight from Motera Stadium Station.

---

નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે તા. ૨૫/૦૩/૨૦૨૫, ૨૯/૦૩/૨૦૨૫, ૦૯/૦૪/૨૦૨૫, ૦૨/૦૫/૨૦૨૫ અને ૧૪/૦૫/૨૦૨૫ ના રોજ યોજાનારી આગામી IPL-૨૦૨૫ ની ડે-નાઈટ ક્રિકેટ મેચોને ધ્યાનમાં રાખીને, GMRCએ અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓને સવારના ૬:૨૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.

અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓની હાલની સમયમર્યાદા સવારે ૬:૨૦ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી છે. રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમ્યાન માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકાશે અને ત્યાંથી અમદાવાદ મેટ્રોની બંને

કોરિડોર (મોટેરાથી એપીએમસી અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ) ના કોઈ પણ કાર્યરત મેટ્રો સ્ટેશન પર જઈ શકાશે.

આ ઉપરાંત, જીએમઆરસીએ મેટ્રોના મુસાફરોને મુશ્કેલી ના પડે તે માટે ઉપર દર્શાવેલ IPL મેચોના દિવસોમાં મોટેરા સ્ટેડિયમથી રાત્રે પરત ફરવા, સ્પેશ્યલ પેપર ટિકિટ બહાર પાડેલ છે. સ્પેશિયલ પેપર ટિકિટની વિશેષતાઓ નીચે મુજબ છે.

૧. સ્પેશ્યલ પેપર ટિકિટનું ભાડું પ્રતિ વ્યક્તિ દીઠ ₹ ૫૦ રહેશે, જેનો ઉપયોગ લંબાવેલ સમય દરમિયાન મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનથી અમદાવાદ મેટ્રોની બંને લાઇન પરના કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી માટે થઈ શકશે.

૨. સ્પેશિયલ પેપર ટિકિટ ઉપરાંત કોન્ટેક્ટલેસ સ્માર્ટ ટોકન્સ, કોન્ટેક્ટલેસ સ્માર્ટ કાર્ડ (GMRC ટ્રાવેલ કાર્ડ અને NCMC કાર્ડ), QR ડિજિટલ ટિકિટ અને QR પેપર ટિકિટ સાથેની એન્ટ્રી પણ રાબેતા મુજબ રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી નિયમિત ભાડા પર ઉપલબ્ધ રહેશે. કિઓસ્ક, ટોકન વેન્ડિંગ મશીન, ટિકિટ કાઉન્ટર, મોબાઇલ એપ થી અગાઉથી ખરીદેલી ટિકિટ (QR/TOKEN) રાત્રિ ના ૧૦:૦૦ વાગ્યા પછી માન્ય રહેશે નહીં.

૩. રાત્રિના ૧૦:૦૦ વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન માં પ્રવેશ કરવા માટે માત્ર સ્પેશ્યલ પેપર ટિકિટ માન્ય રહેશે.

૪. સ્પેશ્યલ પેપર ટિકિટ મેચના દિવસ દરમ્યાન નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઇકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશનો પરથી અગાઉથી ખરીદી શકાશે, જેથી પરત ફરતી વખતે મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન ખાતે ટિકિટ માટે લાઇનમાં ઉભા રહેવાનું ટાળી શકાય.

૫. જાહેર જનતાને નોંધ લેવા નમ્ર વિનંતી છે કે મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ રાબેતા મુજબ જ રહેશે.

૬. ઉપર જણાવેલ તારીખો દરમ્યાન અમદાવાદમાં મેટ્રો ટ્રેન દર ૮ મિનિટે ઉપલબ્ધ રહેશે. રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમ્યાન માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી દર ૬ મિનિટે મેટ્રો ટ્રેન ઉપલબ્ધ રહેશે.

૭. મોટેરા મેટ્રો સ્ટેશનથી છેલ્લી ટ્રેનનો ઉપડવાનો સમય મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યાનો રહેશે.